# આ ચોમાસુ સો ટકાથી વધુ રહેવાની સંભાવના

## ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ પટેલની ગાંધીનગર સમાચાર સાથે ખાસ વાતચીત

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબરામ દા. પટેલે જણાવ્યું છે કે હાલમાં ચોમાસાની ગતિવિધિઓ અંગે જોતા ચોમાસુ વરસાદ ૧૦૦ ટકાથી વધુ પડે પરંતુ હજુ નીરનીરંતર ચોમાસાના ચિહ્નો જોવા પડે.

આમ ચોમાસાની ગતિવિધિઓ જોતા બાષ્પીભવન કરનારી વનસ્પતિની વૃધ્ધિ જણાય છે એટલે બાષ્પીભવનની ગતિ રહેવાથી વધુ વરાળ જોવા મળે જયારે શ્વસન કરનાર વનસ્પતિઓમાં વૃધ્ધિ ન થાય તો સારુ. દા.ત. ખીજડો આ પ્રકારની વનસ્પતિની વૃધ્ધિમાં સમાનતા જોવા મળેલ નથી. કેટલાક ભાગમાં ખીજડો ફાલ્યો ફુલ્યો છે જયારે કેટલાક ભાગોમાં ફાલવાના લક્ષણો નથી. ભૌગોલિક બાબતોનો વિચાર કરતા લગભગ એપ્રિલના પાછલા દિવસોમાં એટલે કે ૨૦ એપ્રિલ પછી બંગાળના ઉપસાગરમાં ચક્રવર્તી બળો ઉત્પન્ન થવા જોઈએ. દરિયો વલોવાય તો સારો વરસાદ પડે જે ચિહ્નો પણ જોવા મળેલ નથી. હવા-પવન-ઝાડ-પાન-પક્ષી-જીવજંતુ-સમુદ્ર તેમજ આકાશ, સૂર્ય, ચંદ્ર, વાદળો વગરેમાં દાર્શનીક ફેરફારો હજુ જણાતા નથી. વૈશાખ માસમાં દરિયાનું કોરમ એટલે કે ધુમ્મસ કે ઝાકળી વધુ આવે એટલે પૃથ્વી કે આકાશનું વાતાવરણ ઠંડુ થાય છે એ ઝાકળી વાદળો હજુ આવતા નથી એટલે નિયમિત ચોમાસાને હજુ વાર છે. રાજસ્થાન વગેરે ભાગોમાં હવાનું દબાણ ઘટી જાય અને આંધી આવે તે નિશાની પણ ચોમાસા માટે સારી ગણાય. આંધીઓના લક્ષણો જણાય છે. હવે ૧૧મે થી સ્થાનિક વરસાદ, છાંટા વગેરે થવું જોઈએ જે સારા ચોમાસાની પૃષ્ટી કરે છે. વરસાદ અંગે જોઈએ તો પવન સાથે જુનની શરૂઆતમાં વરસાદ થવાની વકી છે પરંતુ તે વરસાદ નીરનીરંતર વરસાદ કહી શકાય તેવા દાર્શનીક ચિહ્નો હાલ ચોમાસાની ગતિવિધિની પૃષ્ટી કરતા નથી. ગ્રહો અંગે જોઈએ તો વરસાદ અંગે મંદ ગ્રહ શનિ અને ગુરૂનું મહત્વ રહેલું છે. સુર્ય મંગળને પણ વરસાદની ગતિવિધિ પર જબરી અસર પડે છે. પાછલા વર્ષોની તવારીખ જોઈએ તો હાલમાં શનિગ્રહનું ભ્રમણ અનુરાધા નક્ષત્રમાં છે. ૧૯૨૭માં શનિનું ભ્રમણ અનુરાધામાં હતું ત્યારે દેશના ભાગોમાં સારો વરસાદ પડેલ. ૧૯૫૬માં

● અનુસંધાન પાન-૭ પર



રોશનીનો ઝળહળાટ - ગુજરાતના સ્થાપના દિવસની સંધ્યાએ ગાંધીનગર જિલ્લાની સરકાર કચેરીઓ રોશનીથી સજાવાઈ હતી. ગૌરવ દિવસની સમીસાંજ ઝળહળાટથી નયનરમ્ય બની હતી. જિલ્લા સેવાસદન, મહાનગર સેવાસદન, પાટનગર ભવન અને સહયોગ સંકુલ રોશનીથી શણગારાયા હતા... (તસવીર : કશ્યપ નિમાવત)

# શહેરમાં અન્ડરપાસ બનાવવા વિચારણા

## મુખ્ય માર્ગો પરનો ટ્રાફીક ડાયવર્ટ કરવા અન્ડરપાસનો પ્રોજેકટ ૫ વર્ષથી વિચારણા હેઠળ છે : જરૂરી અભ્યાસ હાથ ધરવા ગતિવિધિઓ શરૂ

ગાંધીનગર, તા ૨

શહેરમાં સ્વર્ણિમ પાર્કની યોજનાના ડ્રીમ પ્રાજેકટનુ કામ પૂર્ણ થતા હવે નગરના વિવિધ માર્ગો પર અન્ડરપાસ બનાવવાની યોજના સંદર્ભે સક્રીય વિચારણા હાથ ધરવામાં આવી છે. આ મામલે સંબંધિત એજન્સીને જરૂરી રીપાર્ટ તૈયાર કરવા પણ વિભાગ કક્ષાએથી સુચના આપવામાં આવી છે. જેના અંતે નગરમાં આગામી દિવસોમાં અન્ડરપાસ બનાવવાની કાર્યયોજના આખરી કરવામાં આવશે.

ગાંધીનગરના હાર્દસમા વિસ્તારમાં સ્વર્ણિમ પાર્કનુ કામ પૂર્ણ કરી દેવાયુ છે. નગરના હાર્દસમા વિસ્તારમાં ભવ્ય પાર્ક નિખરતા હાલ આ વિસ્તારમાં સહેલાણીઓની ભીડ ઉમટી રહી છે. સ્વર્ણિમ પાર્ક નગરની આગવી ઓળખ સમાન બની ગયો છે.ત્યારે માર્ગ મકાન વિભાગ દ્વારા અગાઉ ટ્રાફીકની સમસ્યાને ડામવા નગરના માર્ગો પર અન્ડરપાસ બનાવવાનુ આયાજન વિચારવામાં આવ્યુ હતુ. જોકે અન્ડરપાસનો પ્રોજેકટ ખર્ચાળ અને અભ્યાસ માંગી લે તેમ હોવાથી સ્વર્ણિમ પાર્કના પ્રાજેકટનુ કામ આખરી થયા બાદ આ અંગે વિચારણા હાથ ધરવા નિર્ણય લેવાયો હતો. અન્ડરપાસ માટે બજેટમાં યોગ્ય જોગવાઈ પણ કરવામાં આવે છે. સ્વર્ણિમ પાર્ક બનાવવા કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે આગામી દિવસોમાં આ વિસ્તારમાં સહેલાણીઓની ભીડ વધશે. શહેરમાં હાલ પણ વાહનોની સંખ્યા વધવાના લીધે ટ્રાફિકને લગતી સમસ્યાઓ ઉદભવે છે. મુખ્ય માર્ગો પર ટ્રાફિકનુ ભારણ ઘટાડવા માટે અન્ડર પાસની યોજના વિચારવામાં આવી હતી. જયારે નગરના હાર્દસમા વિસ્તારમાં પાર્કનુ કામ પૂર્ણ થાય ત્યારબાદ આ મામલે વિચારણા હાથ ધરવા નિર્ણય લેવાયો હતો. જેમાં મુખ્યત્વે ઘ માર્ગ પર અન્ડરપાસ તૈયાર કરવાનુ આયોજન પણ મુખ્ય હોવાનુ ધ્યાને આવ્યુ હતું. જયારે તબક્કાવાર અન્ય માર્ગો પર પણ આ કામગીરી હાથ ધરવાની વિચારણા છે. સ્વર્ણિમ પાર્કને ટ્રાફિકની દ્રાષ્ટીએ ખલેલ ન પહોચે તે મુજબનુ આયોજન કરવા પણ ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. આ મામલે સંબંધિત એજન્સીને જરૂરી અભ્યાસ હાથ ધરવા પણ સુચના આપવામાં આવી હોવાનુ ધ્યાને આવ્યું છે. અન્ડરપાસના લીધે નગરમાં માર્ગ સલામતીનો પ્રશ્ન પણ હલ થશે. જેના લીધે પૈડા પરની જીન્દગી વધુ સલામત બનશે.



સ્વચ્છતાથી શુભારંભ - શહેરના નવનિયુક્ત પદાધિકારીઓ સ્વચ્છતા અભિયાનથી નવી જવાબદારી સંભાળી હતી. મેયર શ્રીમતી હંસાબેન મોદી, ડેપ્યુટી મેયર કાર્તિક પટેલ અને પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા અને કાઉન્સીલરો મોટી સંખ્યામાં સ્વચ્છતા અભિયાનમાં જોડાયા હતા.

# અખાદ્ય બરફ-શરબત અને રસના વેચાણ સામે લાલ આંખ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ગરમી વધતાં જ શહેરમાં અખાદ્ય ચીજોનો વેપાર કરતા તંત્ર સામે લાલ આંખ કરી અને રૂ. ૨૨૦૦ જેટલો દંડ વસુલ્યો છે તેમજ 'બેક ફ્રી' નામના પાણીના પાઉચ સબસ્ટાર્ન્ડડ જણાતાં તે નહિ ખરીદવાની સલાહ તંત્ર એ આપી છે.


ગાંધીનગર મહાનગરપાલિકાના આરોગ્ય તંત્ર દ્વારા બે દિવસમાં ૨૦થી પણ વધુ લારીઓ જે અખાદ્ય બરફ, રસ અને શરબતનું વેચાણ કરતા જણાયા હતા તેમને પકડી અને દંડનીય કાર્યવાહી કરી છે.

તંત્રએ બે દિવસમાં ૧૭ કિલો ૫૦૦ ગ્રામ જેટલો બરફ અને રસનો નાશ કરી અને આ લારી ચાલકો પાસેથી રૂ. ૨૨૦૦ જેટલો દંડ વસુલ્યો છે.

તંત્રની યાદીમાં જણવ્યા પ્રમાણે દસ જેટલા સ્થળોએ દરોડા પાડી અને ત્યાં થતા વેચાણની વસ્તુઓના નમુના ફુડ સેફટી એકટ અન્વયે લઈ ચકાસણી માટે મોકલ્યા હતા.

જે પૈકી સે-૨૪માંથી પકડાયેલ પાણીના 'બેક ફ્રી' પાઉચ સબસ્ટાર્ન્ડડ જણાયા છે. જયારે અન્ય ૬ જેટલા નમુનાઓના પરિણામ મળ્યા નથી જયારે ૩ નમુના માપદંડમાં યોગ્ય જણાયા હોવાનું તંત્રએ જણાવ્યું છે.

અખાદ્ય ચીજોના વેપાર થકી જાહેર જનતાનું આરોગ્ય ગરમીની મોસમમાં કથળે નહિ તે માટે તંત્રએ પગલાં લેવાના શરૂ કર્યા છે.



# ટૂ વ્હીલરની નવી સીરીઝમાં પસંદગીના ૧-નંબર માટે ૨૧ હજાર ચુકવાયા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં આજે પસંદગીના નંબરો માટે હરાજીની પ્રક્રીયા યોજવામાં આવી હતી. ટૂ વ્હીલરની જી જે ૧૮ સી કે ની નવી સીરીઝ માટે પસંદગીના નંબરો માટે ૪૨ અરજીઓ આવી હતી. આરી ટી ઓ ને આ હરાજી પ્રક્રીયાના અંતે રૂપિયા ૯૧૩૧૩ની આવક થઈ છે.સૌથી વધુ રૂપિયા ૧ નંબર માટે ચુકવાયા હતા. રૂપિયા ૨૧૧૧૨ ચુકવી નંબર ખરીદવામાં આવ્યો હતો. જયારે બે ફોર્મ રીજેકટ થયા હતા.

**જીજે ૧૮ સીકે ની સીરીઝ માટે પસંદગીના નંબરોની હરાજી થઈ આર ટી ઓને ૯૧ હજારની આવક**

આર ટી ઓ કચેરીમાં આજે ટૂ વ્હીલરના વાહનો માટે નંબરની નવી સીરીઝ શરુ થઈ હતી. જીજે ૧૮ સી કે ની નવી સીરીઝમાં વાહનચાલકોએ પસંદગીના નંબરો મેળવવા ઉત્સાહ દાખવ્યો હતો. આ સીરીઝમાં પસંદગીના નંબરો મેળવવા કુલ ૪૨ અરજીઓ આવી હતી. જયારે આ પૈકી બે અરજીઓ નામંજુર કરવામાં આવી હતી. હરાજીના અંતે આર ટી ઓ કચેરીને રૂપિયા ૯૧૩૧૩ની આવક થઈ હતી. અરજદારોએ સૌથી વધુ રકમ નંબર ૧, ૯૯૯૯ ,૫ અને ૧૧૧૧ માટે ચુકવી હતી. જેમાં ૧ નંબર માટે સૌથી વધુ રૂપિયા ૨૧૧૧૨ ચુકવવામાં આવ્યા હતા. જયારે ચાર નવડા માટે રૂપિયા ૫૧૨૫ અને એકલો ૫ નંબર મેળવવા માટે ૫૧૧૪ની રકમ ચુકવવામાં આવી હતી. જયારે ચાર એક્કાનો રૂઆબદાર નંબર મેળવવા માટે પણ રૂ ૫,૦૦૦ ચુકવાયા હતા. આ ઉપરાંત ૮૮૮ નંબર માટે રૂપિયા ૩,૮૮૮ અને ૫૫૫ નંબર માટે રૂ ૩૫૮૮ ચાર બગ્ગા માટે રૂપિયા ૩૫૦૦ ચુકવાયા હતા. જયારે એકલા ૮ અને ૧૮ નંબર માટે પણ ૨૫૦૦ની ચુકવણી થઈ હતી. આ ઉપરાંત ૭૨ નંબર ૨૨૦૦ રૂપિયામાં ખરીદવામાં આવ્યો હતો. આર ટી ઓ કચેરી દ્વારા જયારે પણ નવી સીરીઝના નંબરો માટે હરાજીની પ્રક્રીયા હાથ ધરવામાં આવે છે. ત્યારે પસંદગીના નંબરો માટે ઉંચી રકમ ચુકવવામાં આવે છે. નંબરના શોખીનો અમુક આંકડાઓને પોતાના માટે લક્કી માનતા હોય છે. ન્યુમરોલોજીના આધારે પણ નંબરોની પસંદગી કરવામાં આવતી હોય છે. ગાંધીનગરમાં ખાસ કરીને જીજે ૧૮ ના રૂઆબદાર પાસીંગને અનુલક્ષી પસંદગીના નંબરો મેળવવાનો વિશેષ લગાઉ જોવા મળે છે.

# વિશ્વ શ્રમિક દિવસે શ્રમયોગીઓ સાથે મન કી બાત

ગાંધીનગર, તા.૨

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી મન કી બાતના કાર્યક્રમ હેઠળ પી.એમ. પ્રજા સાથે સીધો સંવાદ સેતુ રચે છે. જેને અનુલક્ષી શ્રમ અને રોજગાર મંત્રીએ પણ વિશ્વ શ્રમિક દિન નિમિત્તે ગાંધીનગરમાં કામ કરતા વિવિધ પ્રાંતના શ્રમિકો સાથે મન કી બાત કરીને વિસ્તૃત જાણકારી મેળવી હતી.

**શ્રમ અને રોજગાર મંત્રી વિજય રૂપાણીએ ગાંધીનગરની બાંધકામ સાઈટ પર કામ કરતા શ્રમિકોના હાલ-હવાલ પૂછયા**

ગાંધીનગર : શનિવાર: સમગ્ર વિશ્વમાં મજૂરોના કલ્યાણ માટે દરવર્ષે ૧લી મે વિશ્વ શ્રમિક દિવસ તરીકે ઉજવવામાં આવે છે. જેના ભાગરૂપે રાજયના શ્રમ અને રોજગાર મંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ ગાંધીનગર ખાતે પંડિત દિનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટી (પી.ડી.પી.યુ.) વિસ્તારમાં બાંધકામ સાઈટ ઉપર કામ કરતા વિવિધ પ્રાંતના શ્રમયોગી ભાઈ-બહેનોને અપાતી સુવિધાઓ, રાજયની શ્રમયોગી કલ્યાણલક્ષી યોજનાઓ અને તેમના પ્રૌ અંગે પ્રત્યક્ષ જઈ તેમની સાથે 'મન કી બાત' યોજીને વિસ્તૃત જાણકારી મેળવી હતી.

મંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ વિશ્વ શ્રમિક દિને શ્રમયોગીઓના પોતાના અધિકારો મળી રહે તે માટે ગુજરાત મકાન અને બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, અમદાવાદ દ્વારા અમલી વિવિધ શ્રમયોગી કલ્યાણ યોજનાઓની માહિતી આપી હતી. જેમાં રાજય સરકાર દ્વારા શ્રમયોગીની સુવિધા માટે હેલ્પ લાઈન અને વેબ પોર્ટલ, બાંધકામ શ્રમયોગી, અસંગઠિત શ્રમયોગી અને ગ્રામીણ શ્રમયોગીને સ્માર્ટ કાર્ડ/ ઓળખ કાર્ડ પૂરા પાડવા, બાંધકામ શ્રમયોગી માટે મફત કાનૂની સહાય આપવાની યોજના, બાંધકામ શ્રમયોગીને રહેવા માટે શ્રી નાનાજી દેશમુખ આવાસ યોજના, હંગામી ધોરણે આવાસ પૂરા પાડવા, મુખ્યમંત્રી અમૃતમ્ (મા) યોજના, વ્યવસાયિક રોગોના કારણે થતી બિમારીઓમાં સહાય પૂરી પાડવાની યોજના, બાંધકામ શ્રમયોગીના બાળકો માટે બાલવાડી/ આંગણવાડી, હોસ્ટેલ સુવિધા અને વિશિષ્ટ અભ્યાસના કોચીંગ માટે સહાય તેમજ બાંધકામ શ્રમયોગીને કડિયા કામ, સુથારી કામ, પ્લમ્બીંગ કામ જેવા કામો માટે ઉચ્ચ કૌશલ્યવાળી તાલીમ આપતી યોજના અમલી છે જેના મહત્તમ લાભ લઈ 'શ્રમેવ જયતે' મંત્રને સાકાર કરવા શ્રમયોગીઓને મંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો.



શ્રમયોગીઓ સાથેની મન કી બાત વાર્તાલાપ દરમિયાન બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડના ચેરમેન ડૉ. અનિલ પટેલ, શ્રમ અને રોજગાર વિભાગના અગ્રસચિવશ્રી સંજય પ્રસાદ, શ્રમ આયુકત ડૉ. જયંતિ રવિ, ડાયરેકટર ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ શ્રી ડી.સી. ચૌધરી સહિત ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા, તેમજ રાજયની શ્રમયોગીઓના કલ્યાણલક્ષી યોજનાઓનું સાહિત્ય વિતરણ પણ કરાયું હતું.

**Faculty Requirement**
**Shri Akhil Anjana Kelavani Mandal**
**Sector-07, Gandhinaga-382007**

Application are invited for the faculty position for our new self finance college (English Medium)

| Sr. | Name of College | Name of Post |
|---|---|---|
| 1 | Chaudhari Commerce College | 1. Principal<br>2. Assistant Professor (1-Accountancy, Commerce)<br>3. Assistant Professor (1-Economics)<br>4. Assistant Professor (1-Statistics)<br>5. Librarian (1) |

**Educational Qualification :-**

1. **Principal :** Minimum 55% marks in master degree and Ph.D. with 15 years Teaching Experience as Asst. Professor.
2. **Asst. Professor : & Librarian** Minimum 55% marks in Master Degree and NET/SLET/Ph.D. Degree

**Note :** Relaxation of 5% at master degree will be given to SC/ST candidates as per norms in each faculty. Experience and pay scale as per the norms of Govt. of Gujarat H.N.G. University, Patan and UGC are applicable. No. of post may vary. Fluency in English and Knowledge of computer is essential.

Eligible and interested candidates are requested to send resume to above mentioned address along with all relevant documents, photo within 10 days of the advertisement by R.P.A.D. Kindly mention college name & post on envelop.

**Hon. Secretary**
**A.A.K.M.**

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
KisaN
ashirvad
C. PVC, UPVC
TATA
STEEL • PIPES • SHEETS
VINAYAK 500
TMT BARS - ISI
BENELAVE
BATH FITTINGS
DR.FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીકટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com